# મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસ, બનાસકાંઠા

"જિલ્લા સેવા સદન-૨ સંકુલ" જોરાવર પેલેસ કંપાઉન્ડ,બીજો માળ એસ-૨૯ થી ૩૨,પાલનપુર-જિ. બનાસકાંઠા.

E-mail : ac.tddbk@gmail.com | ફોન નં. :- ૦૨૭૪૨-૨૬૦૦૯૮


નં. મક/આ.વિ./પ્રિ. શિષ્યવૃતિ/૨૦૨૨/1242 થી 1248 તા.17/06/૨૦૨૨

અગત્યનું/સમયમર્યાદા

ખૂબ જ જરૂરી

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ,

નોન-ગ્રાન્ટેડ મા. અને

ઉ.મા. શાળાઓ તમામ

વિષય:- Digital Gujarat Portal પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૨-૨૩)

(Website: https://www.digitalgujarat.gov.in)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી / વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal પર શિષ્યવૃત્તિ માટેનું સોફ્ટવેર ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવેછે.

Digital Gujarat Portal માં આદિજાતિ વિકાસ વિભાગની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ૨૦૨૨-૨૩માં અમલ કરવાનો થાય છે. વર્ષ:૨૦૨૨-૨૩ના શૈક્ષણિક વર્ષ માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ Digital Gujarat Portalમાં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છતાં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર વર્ષ: ૨૦૨૨-૨૩ની ઓનલાઇન દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ સમયસર મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.



Scanned by CamScanner

વધુમાં અત્રેના ખાતાની ૩ યોજનાઓ જેવી કે (૧) VKY-1 PreMatric Scholarship For ST (STD:- 1 to 10 ... VKY-2 Umbrell scheme of pre matric scholarship for 9 & 10 th ST Student ( GOI) (૩) VKY-1 Unif... Assistance(STD:- 1 to 8) માંફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ ભરી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે જરૂર પડ્યે અં... જિલ્લા કચેરીએ સદરહું ફોર્મની નકલ રજુ કરવાની રહેશે. આ યોજનાઓમાં વિદ્યાર્થીઓના ફોર્મ ભર્યા બાદ જરૂરી આનુષાંગિક તમા... ડોક્યુમેન્ટ મેળવી ફોર્મ સાથે ફરજિયાત રાખવાના રહેશે. જો આ શિષ્યવૃતિ ફોર્મ તથા આનુષાંગિક ડોક્યુમેન્ટ રાખવામાં નહિ આવેલ હોય અને તે અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.

**<u>સાયકલસહાય યોજના:</u>**

વિદ્યા સાધના યોજના (સાયકલ સહાય) અંતર્ગત ધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ "Cycle Scheme"મેનુમાં જઇ " Tribal development Department"ઓપ્શનમાં જઇ " Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી દ્વારા જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન મોકલવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત ધો:૯ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે. કન્યાઓને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનુમાં જઇ "Tribal development Department"માં જઇ "Update Cycle Detail" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

**<u>પ્રિ મેટ્રીક શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય યોજના શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>**

૧. વર્ષ: ૨૦૨૨-૨૩ ની ઓનલાઇન દરખાસ્ત https://www.digitalgujarat.gov.in મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સિસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઓટોમેટીક મૂકવામાં આવનાર છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.



Scanned by CamScanner

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોઇ વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFSC Codeની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંકખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

૭. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ એવા વિદ્યાર્થીની વિગતો Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધાર નંબરની મદદથી Postal Payment Bankમાં "૦" ઝીરો બેલેન્સથી તાત્કાલિક ખાતુ ખોલાવવા અંગેની કાર્યાવાહી કરવાની રહેશે.

૧૦. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૧. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને Student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુમાં વધુ ત્રણ વિદ્યાર્થીઓની એંટ્રીમાં નાખી શકાશે. સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી Student Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી જો કોઇ વિદ્યાર્થીનુ બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા-વાલીના બેંક ખાતાની વિગત Entry કરતી વખતે નાખવાની રહેશે.

૧૨. ધો:૧ થી ધો:૮ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફ્રી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.

૧૩. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦, ધો:૧૧-૧૨ની શાળા અલગ અલગ ચાલતી હોય અને તમામના ડાયસકોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરીતેઓની "School Category" સમગ્ર શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સમગ્ર શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૪. જો કોઇ શાળા વિદ્યાર્થીની એંટ્રી કરતા હોય અને "No Data Found From SSA Server"એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એંટ્રી સમગ્ર શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિદ્યાર્થીઓની એંટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૫. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ આપના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને પણ મોનીટરીંગ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં User ID / Password આપવામાં આવશે. જેથી સમય મર્યાદામાં ચોકસાઇથી વિદ્યાર્થીની એન્ટ્રી, બેન્ક એકાઉન્ટની વિગતો તેમજ જે તે ખાતાની યોજનાઓ મુજબની ઓનલાઇન દરખાસ્તો કાળજી પૂર્વક અને સમયસર કરવાની રહેશે.

૧૬. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

૧૭. દરેક આચાર્યશ્રીએ રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી તરફથી કોવિડ-૧૯ ને લગતી વખતો વખત બહાર પાડવામાં આવતી ગાઇડલાઇનનું ચૂસ્તપણે પાલન કરવાનું હશે.

૧૮. આચાર્યશ્રીએ સૌ પ્રથમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સંલગ્ન બેંકનો સંપર્ક સાધીને તેઓનાં બેંક એકાઉન્ટ ડોરમેટ કે ક્લોઝ નથી થઇ ગયા તેની ખાતરી કરવાની રહેશે.



Scanned by CamScanner

૧૯. વિદ્યાર્થીઓના આધારકાર્ડ નંબર તથા બેંક એકાઉન્ટની ડીટેઇલ્સ જેવા અગત્યના ડોક્યુમેન્ટસ હોવાથી વિદ્યાર્થીઓની ડેટા એન્
અથવા શાળાના જાણકાર વ્યકિત પાસે કરાવવી સાયબરકેફે કે આઉટસોર્સથી ડેટાએન્ટ્રી કરાવવી નહી.

૨૦. ભવિષ્યમાં વધારે સારૂ કોમ્યુનીકિશન થઇ શકે તે માટે દરેક શાળાનાં આચાર્યશ્રીએ દરેક શાળાનાં ઇ-મેઇલ આઇડી ક્રિએટ કરવાનું
ગુગલ પ્લે સ્ટોરમાં જઇને આચાર્યએ તેમના મોબાઇલમાં સ્દિશ એપ ડાઉનલોડ કરવાની રહેશે.
કોવિડ-૧૯ ના સરકારશ્રીનાં નિયમોનું પાલન કરીને માહિતી એકત્ર કરવાની રહેશે. જો આપની બ્રાન્ચ કે આઇએફએસસી કોડ
પોર્ટલ પર ન મળે તો હેલ્પ મેનુમાં જઇને તેને એડ કરવાની રહેશે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
પાલનપુર, જિ.બનાસકાંઠા

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
પાલનપુર, જિ.બનાસકાંઠા

જિલ્લા શિક્ષણાધિકારી પાલનપુર
જિ.બનાસકાંઠા

**નકલ રવાના :-**

(૧) આચાર્યશ્રી ........................................................

(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ...............................................

(૩) શાસના અધિકારીશ્રી ......................................................

**નકલ સવિનય રવાના:-**

(૧) માન. નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ

(૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત પાલનપુર, જિ.બનાસકાંઠા તરફ જાણ સારૂ

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પાલનપુર, જિ.બનાસકાંઠા તરફ આપના તાબા હેઠળની તમામ શાળાનાં આચાર્યશ્રીઓને પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચનાઓ આપવાની ખાસ વિનંતી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાલનપુર, જિ.બનાસકાંઠા આપના તાબા હેઠળની તમામ શાળાનાં આચાર્યશ્રીઓને પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચનાઓ આપવાની ખાસ વિનંતી.



Scanned by CamScanner

**વર્ષ: ૨૦૨૨-૨૩ માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)**

**નિયામક , આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર**

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **VKY-153** **VKY-1 PreMatric Scholarship For STStudent (Std: 1 to 8)** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી, અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ-આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ. ૭૫૦ /- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ. ૧૦૦૦ /- | | |
| ૨ | **VKY-153** **VKY -1 Most Backward Class Scholarship For ST Students (Std: 1 to 8)** | ST(માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી, અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ- આશ્રમશાળાઓ |
| ૩ | **VKY-159** **VKY-1 Uniform Assistance** | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી, અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ -આશ્રમશાળાઓ |
| ૪ | **VKY-153** **VKY-1 PreMatric Scholarship For ST Student (Std: 9 to 10)** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦ /- | ૨.૫૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ- ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૫ | **VKY-153** **VKY-1 Most Backward Class Scholarship For ST Students (Std: 9 to 10)** | ST (માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | ૨.૫૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ- ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |



Scanned by CamScanner

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | **VKY-2 Umbrell scheme of pre matric scholarship for 9 & 10 th ST Student** | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૯ અને ૧૦ | કુમાર/ કન્યા | હોસ્ટેલર - ૨૨૫૦<br>ડેસ્કોલર- ૩૦૦૦ | ૨.૫૦ લાખથી ઓછી આવક | સરકાર માન્ય તમામ સરકારી, ખાનગી, અનુદાનીત માધ્યમિક શાળાઓ, ઉચ્ચ બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૭ | **Vky-160**<br>**Vky-1 Vidhiya sadhana cycle scheme** | ST (અનુસૂચિત જન જાતિ) | ધો – ૯ | કન્યા | મફત સાયકલ સહાય | ૧.૨૦ લાખ ગ્રામ્ય વિસ્તાર<br>૧.૫૦ લાખ શહેરી વિસ્તાર | અંતર મર્યાદાને ધ્યાને લીધા સિવાય પોતાના રહેઠાણથી અન્ય સ્થળે અભ્યાસ કરતી કન્યાઓને લાભ<br>મળવા પાત્ર રહેશે |

**અન્ય સૂચનાઓ:**

- વિદ્યાર્થી મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિનાં હોવા જોઈએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઈએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય યોજના હેઠળ શિષ્યવૃતિ મળવાપાત્ર નથી.
- ધોરણ: ૯-૧૦માં ૨.૫૦ લાખથી ઓછી આવક ધરવતી યોજના વીકેવાય-૨ માટે આધાર કાર્ડ હોવું ફરજિયાત છે. તથા આવકનો તથા સક્ષમ અધિકારીશ્રીનો જાતિનો દાખલો સ્કેન કરી પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ધટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.



Scanned by CamScanner

**Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની સામાન્ય શરતો (પત્રક-બ)**

**નિયામક, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર**

| ક્રમ | યોજનાનુ નામ | સામાન્ય શરતો |
|---|---|---|
| 1 | VKY-153 Pre matric Scholarhsip (Std:1to10) | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના મા-બાપ વાલીની ગત નાણાંકીય વર્ષની વાર્ષિકઆવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને વીંકવાય-૨ (૩૩૮) યોજનામાં સમાવવાના રહેશે.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| 2 | VKY-153 Pre matric Scholarhsip for most backwords (Std:1to10) | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને વીંકવાય-૨ (૩૩૮) યોજનામાં સમાવવાના રહેશે.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| 3 | [VKY-1 Uniform Assistance] | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જનજાતિ (અતિ પછાતજાતિ સહિતના) વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- વીંકવાય- ૧ ના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. |
| 4 | VKY-2 (338) PreMatric Scholarship for STs (Std: 9-10)<br>Income less than 2.50 Lakhs | - સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જનજાતિ તથા અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓના મા-બાપ/વાલીની ગત નાણાંકીય વર્ષની વાર્ષિક આવક રૂ. ૨.૫૦લાખ થી ઓછી હોય તેઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ છે.<br>- આધાર કાર્ડ હોવું ફરજિયાત છે.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ અચુક રાખવાના રહેશે. (સાધનિક પુરાવામાં વિદ્યાર્થીના જાતિના દાખલાવની પ્રમાણિત નકલ, જો કોઇ વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, જો વિદ્યાર્થી હોસ્ટેલર હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર ફરજિયાત ફોર્મ સાથે રાખવાનુ રહેશે.)<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| 5 | Vky-160<br>Vky-1 Vidhiya sadhana cycle scheme | - સદરહું યોજનામાં ધો-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ મળવા પાત્ર રહેશે.<br>- સદર યોજનામાં ધો-૯માં અભ્યાસ કરતી કન્યાઓના વાલીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર ૧.૫૦ લાખ થી ઓછી હોય તેનો સમાવેશ કરવામા આવશે.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીના પિતા/વાલીનો સક્ષમ અધિકારીનો આવકનો દાખલો તથા વિદ્યાર્થીનીનો જાતિનો દાખલો અપલોડ કરવાનો રેહશે. |



Scanned by CamScanner

## નિયામક, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર

સરકારી, ખાનગી, અનુદાનિતપ્રાથમિક,માધ્યમિક શાળાઓ તેમજ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળા) પાસેથી વર્ષ:૨૦૨૨-૨૩ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન"

| ક્રમ | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન-૨૦૨૨ | (૧) ગત વર્ષ ૨૦૨૧-૨૨ની શાળાના લોગીનમાંથી કોઇ પ્રપોઝલ મોકલવાની બાકી હોય તો તે મોકલી આપવી. (તા:૨૭/૦૬/૨૦૨૨સુધીમાં)<br>(૨) વર્ષ ૨૦૨૦-૨૧ માટે NIC દ્રારા ૧ ધોરણ અપગ્રેડ કરેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૦/૦૬/૨૦૨૨ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરવા.<br>જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી. | (૧) વર્ષ ૨૦૨૧-૨૨ની જિલ્લાના લોગીનમાં મળેલ પ્રપોઝલ મંજૂર કરવી<br>(૨) વર્ષ ૨૦૨૧-૨૨ના કોઈ Payment ના થયા હોય કે ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ હોય તેવા બિલો બનાવી વર્ષ ૨૦૨૧-૨૨ની તમામ કામગીરી તા.૩૦/૦૬/૨૦૨૨સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.<br>(૩) તમામ શાળાઓને વર્ષ ૨૦૨૨-૨૩ નો તા:૧૭/૦૬/૨૦૨૨ સુધીમાં મોકલી આપવો. | પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગતવર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૦-૨૧ માટે પ્રપોઝલ બનાવવા મૂકવા.<br>પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ તથા Digital Gujarat Portal તથા IFMSના બીલોનુ તા:૩૦/૦૬/૨૦૨૨ સુધીમાં રીકન્સીલેશન કરવુ.<br>જે વિદ્યાર્થીઓનુ ગત વર્ષનુ શિષ્યવૃતિનુ ચૂકવણું તેઓના ખાતામાં સીધુ થયેલ હતુ તેઓને પ્રપોઝલ સીધી જ બની જાય તે રીતે પોર્ટલમાં ઈફેક્ટ આપવી. |
| ૨ | જુલાઇ-૨૦૨૨ | (૧) ધો: ૨ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવીતા:૧૦/૦૭/૨૦૨૨ સુધીમાં હાયર ઓથોરીટીને સેન્ડ કરવી.<br>(૨) ધો:૧, ધો:૯ તેમજ બીજા નવા વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૧૫/૦૭/૨૦૨૨સુધીમાં પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | (૧) શાળાઓ તરફથી વર્ષ ૨૦૨૨-૨૩ ની પ્રપોઝલો જેમ જેમ ઓનલાઇન મળતી જાય તેમ તેમ નિયમોનુસાર મંજુરીની કામગીરી કરવી. શાળાઓ સાથે સંકલન કરી તા:૨૦/૦૭/૨૦૨૨સુધીમાં તમામ પ્રપોઝલ મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવી.<br>(૨) મંજુર કરેલ પ્રપોઝલના બિલો બનાવી Treasury ક્ચેરીમાં રજુ કરવા.<br>(૩) વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૨-૨૩ ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય / સાયકલ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી જિલ્લા તિજોરીમાં મોકલી આપવા અને તમામ વિદ્યાર્થીઓને તા:૩૧/૦૭/૨૦૨૨સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | (૧) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન કરી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા.<br>(૨) પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ |



Scanned by CamScanner

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.
- સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવીને Students Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી કોઇ વિદ્યાર્થીનું બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા/વાલીના બેંક ખાતાની વિગત Student Entry કરતી વખતે નાખવાની રહેશે.
- પિતા/વાલીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૩ (ત્રણ) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં “૦” ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે.

Scanned by CamScanner